પાટનગરમાં ચેઈન સ્નેચર્સ બેફામ

ચોવીસ જ કલાકમાં કાળા પલ્સરવાળા બે ચેઈન સ્નેચર્સે ત્રણ મહિલાઓને નિશાન બનાવી દોરા તોડ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સ બેફામ બની રહ્યા છે. કાળા રંગનું પલ્સર બાઈક લઈને ડબલ સવારી આવતા બે ચેઈન સ્નેચર્સે પાટનગરને બાનમાં લઈ લીધુ છે. દર આંતરે દિવસે ચેઈન સ્નેચીંગના એક-બે બનાવ બને છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં તો ત્રણ ત્રણ કિસ્સાઓ ચેઈન સ્નેચીંગના બનતા પાટનગરવાસીઓ ફફડી ઉઠ્યા છે. સે. ૨૩ થી ઘ-૫ જતા માર્ગ પર એક શિક્ષિકાને, સે. ૫ના આંતરીક માર્ગ પર એક મહિલાને અને સાંજે ખ-૬ પાસે એક ચાલતી જતી મહિલાને નિશાન બનાવી ત્રણ-ત્રણ કિસ્સા બાદ ચેઈન સ્નેચર્સ રફુચક્કર થઈ ગયા હતા. ઉપરોક્ત ત્રણેય કિસ્સામાં પણ પલ્સર બાઈક, ડબલ સવારી હતા.

સેક્ટર-૨૬ કિશાનનગરમાં રહેતા અને બોરીજ ગામની સરકારી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા લીલાબેન રમેશભાઈ પટેલ ગઈકાલે સહકર્મી દક્ષાબેનના એકટીવા પાછળ બેસીને સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરથી ઘ-૫ જતા માર્ગ પર પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન કાળા રંગના પલ્સર પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચરે સવા તોલાનો ૧૫ હજારની કિંમતનો દોરો લીલાબેનના ગળામાંથી ખેંચી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. આ અંગે સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કર્યો છે. આજે સમી સાંજે વધુ બે ચેઈન સ્નેચિંગના ગુના બનવા પામ્યા છે. સે. ૫ના આંતરીક માર્ગ પરથી જઈ રહેલી એક મહિલાના ગળામાંથી ચાલુ પલ્સરે ચેઈન આંચકીને બન્ને ચેઈન સ્નેચર્સ ફરાર થઈ ગયા હતા. દરમ્યાન એક જ કલાકના સમયગાળા બાદ ખ-૬ પાસેથી ચાલતી જતી મહિલાના ગળામાંથી કાળા રંગના પલ્સર બાઈક પર જ આવેલા બે શખ્સો દોઢ તોલાનો દોરો ખેંચ્યો હતો અને ચેઈન સ્નેચીંગ કરીને ફરાર થઈ ગયા હતા.

આજે સંસ્કાર ગ્રૂપ દ્વારા તહેવારોનું મહત્વ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં બાળકોના સર્વાંગી વિકાસ કરતી સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે તા. ૨૫મી ઓગષ્ટ ૨૦૧૩ને રવિવારે ધાર્મિક તહેવારોનું મહત્વ દર્શાવતો કાર્યક્રમ અને બાળકો માટેની રમતો સેક્ટર-૭ સુવિધા કેન્દ્ર પાસેના બગીચે યોજાશે. સાંજે ૬ થી ૭ દરમિયાન યોજાનાર આ કાર્યક્રમમાં સર્વે સંસ્કાર ગ્રૂપના સભ્યો ઉપસ્થિત રહેશે એમ પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે.

પાવન શ્રાવણ માસમાં ભગવાન ભોળાને રાજી કરવા પૂજન અર્ચનના કાર્યક્રમો ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. સેક્ટર-૨૩ જોતેશ્વર મહાદેવ ખાતે શિવ મહિમ્ન્ સ્ત્રોતના પાઠ યોજાયા હતા. (તસવીર : દિપક જાની)

સે. ૨૪ ઈન્દીરાનગરમાં ઘરના ઓટલે જુગાર રમતા ૧૦ પકડાયા

સે. ૨૧ પોલીસે ગઈરાત્રે બાતમીને આધારે સે. ૨૪ ઈન્દીરાનગર છાપરામાં દરોડો પાડી ૧૦ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. સે. ૧૫ના છાપરામાં રહેતા વિજય ઠાકોર, નીકુલ લાલાજી દંતાણી, સંજય મહેન્દ્ર અને ભરત ઠાકોર ઉપરાંત સે. ૨૪ ઈન્દીરાનગર છાપરામાં રહેતા વિનોદ રાવળ, મહેન્દ્ર લક્ષ્મણ પરમાર, ભીખા પસા સોલંકી, મફા લાલજી રાવળ, ભાવેશ ગોવિંદ રાવળ અને નાસીર કુરેશી મળીને ૧૦ શકુનીઓની ૮ મોબાઈલ તથા રોકડ મળીને રૂ. ૧૭,૬૦૦ના મુદ્દામાલ સાથે દશેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધણપમાં જુગારીએ પોલીસને દોઢ કિ.મી. દોડાવ્યા..!

ધણપ ગામની સીમમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા ચિલોડા પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. આજે સાંજે પાડેલા દરોડા દરમ્યાન જુગાર રમી રહેલા ચાર શખ્સો પોલીસને જોઈ જતાં ભાગ્યા હતા. દિનેશ જેસિંગ ચૌધરી અને રાજેશ જશુ પટેલ (બન્ને રહે. ધણપ) તથા શિહોલી ગામનો મહેશ અંબાલાલ પટેલ ત્રણેયને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે ચોથો ગિયોડનો શખ્સ વિનોદ પ્રહલાદ રાવલ ભાગ્યો હતો. તેને પકડવા ચિલોડા પોલીસમથકના એએસઆઈ હિરાજી ખાંટ તથા બે પોલીસ પાછળ દોડ્યા હતા. દોઢ કિ.મી. દોડાવ્યા બાદ વિનોદ પોલીસના હાથે આવ્યો હતો. પોલીસે ૧૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને ચારેયની ધરપકડ કરી લીધી છે.

સે. ૨૭ શિવમ સોસાયટીમાંથી ચાર જુગારીઓ ઝડપાયા

રૂ. ૧.૫ લાખના મુદ્દામાલ સાથે ચારેયની એલ.સી.બી.એ ધરપકડ કરીને સે. ૨૧ પોલીસને સોંપ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર એલ.સી.બી.ની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે સેક્ટર-૨૭ની શિવમ સોસાયટીમાં જુગાર રમાઈ રહ્યો છે. બાતમી મળતા જ એલ.સી.બી.ની ટીમે મોડી સાંજે દરોડો પાડીને ચાર જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. રૂ. ૩૭ હજાર રોકડા તથા મોબાઈલ અને બાઈકો મળીને કુલ રૂ. ૧,૦૫,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ ચારેય વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

શહેરના સેક્ટર-૨૭ શિવમ સોસાયટીના પ્લોટ નં. ૧૩૫૬ ખાતે જુગારની રંગત જામી હોવાની બાતમી ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારને મળતાં તેમની ટીમના પી.એસ.આઈ. એસ.કે. સોલંકી તથા પો.કો. સંદિપસિંહ સહિતના માણસોએ મોડી સાંજે દરોડો પાડીને ચાર જુગારીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. અજય પુષ્પસિંહ પરમાર, અરવિંદ રમેશભાઈ ધંધુકીયા, કિશોર નારાયણભાઈ દંતાણી અને બળવંત કિશન જયસ્વાલ મળીને ચારેય શખ્સોની રૂ. ૩૭,૫૦૦૦ રોકડા તથા રૂ. ૫૫૦૦ના ૬ નંગ મોબાઈલો અને રૂ. ૭૩,૦૦૦ના ત્રણ બાઈકો મળીને કુલ રૂ. ૧,૦૫,૫૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ધરપકડ કરી સેક્ટર-૨૧ પોલીસને સોંપવામાં આવ્યા છે.

ગિયોડમાંથી ૪૨ વર્ષીય આધેડ દશ દિવસથી લાપતા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીકનાં ગિયોડ ગામના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા કમળાબેન સોનારાએ ચિલોડા પોલીસ મથકે જાણવા જોગ નોંધાવી છે. તેમના પતિ સોમાભાઈ સોનારા (ઉ.વ.૪૨) ઘણા સમયથી માનસિક રીતે બિમાર છે.

અવારનવાર ઘરેથી તેઓ ચાલ્યા જતા હતાં. દરમિયાન ૧૩મી ઓગષ્ટે પણ ઘરેથી રાત્રે ૮ વાગ્યે કોઈને કહ્યા વિના તેઓ ક્યાંક ચાલ્યા ગયા હતાં. હજુ સુધી ઘરે ફરત ફર્યા નથી. શોધખોળ કરવા છતાં પત્તો ન મળતા પત્નિએ જાણવાજોગ નોંધાવી છે. સોમાભાઈના કપાળે જમણી બાજુ જુનું વાગ્યાનું નિશાન છે. ચિલોડા પોલીસે તેમની શોધખોળ આરંભી છે.

કેનાલમાં કુદેલી વાગ્દત્તાનો મૃતદેહ નદીમાંથી મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

બે દિવસ પહેલા મંગેતરની નજર સામે જ ચાલુ એક્ટીવાએ ઉતરી જઈને હિંમતનગરની વાગ્દત્તાએ લીંબડીયા કેનાલમાં પડતુ મુક્યુ હતુ. કેનાલમાં છોડાયેલા પાણીને કારણે મૃતદેહ મળી આવ્યો ન હતો. દરમ્યાન આજે રાણીપ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી તેણીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો છે.

બે દિવસ અગાઉ નડીયાદ રહેતો મંગેતર એક્ટીવા લઈને વાગ્દત્તા કુંજલ ત્રીવેદીને મુકવા હિંમતનગર જઈ રહ્યો હતો. કુંજલે લીંબડીયા કેનાલ જોઈને કેનાલ જોવા જવાનું કહેતા એક્ટીવા ધીમુ કર્યુ હતુ. ચાલુ એક્ટીવાએ ઉતરી જઈને કુંજલે કેનાલમાં પડતુ મુકી દીધુ હતુ. બે દિવસથી કેનાલમાં મૃતદેહની શોધખોળ ચાલી રહી હતી. પાણી છોડાયુ હોવાથી મૃતદેહ તણાઈ ગયો હતો. અમદાવાદ પાસે કેનાલ અને નદીનું પાણી મળે છે ત્યાંથી મૃતદેહ સાબરમતી નદીના પાણીમાં તણાઈને રાણીપ સુધી પહોંચી ગયો હતો. રાણીપ પોલીસને આજે નદીમાંથી કુંજલનો મૃતદેહ મળી આવ્યો છે. જેને આધઆરે તપાસ શરૂ કરવામાં આવી છે.

ઘ-૫ પાસેથી રિક્ષાની ચોરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં રહેતા ઈશ્વરભાઈ નાથુભાઈ વાઘેલાની પેસેન્જર રિક્ષા નં. જીજે-૧૮-એ.વી.-૧૩૦૨ શટલીયા મારવા માટે ફરે છે. બે દિવસ અગાઉ તેમણે રિક્ષા ઘ-૫ થી ચ-૫ જતા માર્ગ પર સે. ૧૭/૨૨ સામે મુકી હતી.

અડધા કલાકમાં તેમની રીક્ષાને કોઈ શખ્સ ચોરી ગયુ હતુ. રૂ. ૫૦,૧૦૦ની કિંમતની રિક્ષા ચોરી અંગે ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસે વાહનચોરીનો ગુનો નોંધીને રિક્ષા ચોર શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધન પર્વ અનોખી રીતે ઉજવાયું

બાળગીતની મજા કરાવી હતી. ભરતભાઈ કવિએ રક્ષાબંધન

ગાંધીનગર, તા. ૨૪

ભાઈ-બહેનના પવિત્ર

સ્નેહરૂપી બંધનના પર્વ રક્ષાબંધનને આત્મન્ ફાઉન્ડેશનના સભ્યોએ અલગ અને સરસ રીતે ઉજવ્યું હતું. સંસ્થાએ સેકટર-૧ ૩ની શ્રમજીવી વસાહતમાં જઈ બાળકો સાથે વાર્તા-ગીતનું મનોરંજન કરી રક્ષાબંધન તહેવારનું મહાત્મ્ય જણાવ્યું હતું તથા પર્વની શુભેચ્છા પાઠવી હતી.

ભારતીય સંસ્કૃતિનો પવિત્ર તહેવાર, પ્રેમ સદભાવનાના પ્રતિક રૂપ એવા રક્ષાબંધન પર્વની ઉજવણીમાં આત્મન્ ફાઉન્ડેશનના સહયોગીઓ સહભાગી બન્યા હતા. સંસ્થા દ્વારા સેકટર-૧ ૩ની શ્રમજીવી વસાહતનાં બાળકો વચ્ચે આ અનોખા તહેવારની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી રેખાબહેન ભટ્ટે બાળકોને બાળવાર્તા-તહેવારના મહાત્મ્ય વિશે વાત કરી હતી. બાળકોએ પરસ્પર શુભેચ્છા પાઠવી રક્ષાબંધન કર્યું હતું.

સંસ્થાના હોદ્દેદારો દ્વારા સેકટર-૧ ૩ બાળ સંરક્ષણ ગૃહનાં બાળકની મુલાકાત લઈ શુભેચ્છા પાઠવી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ બંને કાર્યક્રમમાં સંસ્થાના સહયોગીઓ, સર્વશ્રી ભરતભાઈ કવિ, રેખાબહેન ભટ્ટ, પ્રજ્ઞા પટેલ, સવિતાબહેન અને કપિલાબહેન માદી વગેરે સહભાગી બન્યા હતા.

પ્રેરણા વિદ્યાલયમાં રક્ષાબંધન દિનની ઉજવણી

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ માં આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં નાળિયેરી પૂર્ણિમા એટલે કે રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધાનું સુંદર આયોજન થઈ ગયું. શાળાના વિદ્યાર્થીઓ માટે રક્ષાબંધન નિમિત્તે રાખડી સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક બાળકે પોતાની સર્જન શક્તિથી સુંદર રાખડીનું નિર્માણ કર્યુ હતુ. વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે રોમા પટેલ, દ્વિતીય નંબરે હિંદ ચૌહાણ અને તૃતીય નંબરે કેયૂર પટેલ તથા રાહુલ રાવત વિજેતા જાહેર થયા હતા. વિદ્યાર્થિનીઓ દ્વારા વિદ્યાર્થીઓને રાખડી બાંધી રક્ષા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ અને આચાર્ય સ્વાતિબા રાઓલે ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.

દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજય ચૂંટણી આયોગના સચિવ મહેશભાઈ જોષીના પિતા શ્રી વિશ્વનાથ પોપટલાલ જોષીનો તાજેતરમાં સર્વર્ગવાસ થયો છે. સ્વર્ગસ્થનું બેસણું આવતીકાલે તા. ૨૬મી ઓગષ્ટ ૨૦૧૩ને સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે જેની સગા-સ્નેહી-મિત્રોએ નોંધ લેવી.

અભ્યાસને જીવનલક્ષી બનાવવાનો આગ્રહ કરતા શૈલેન્દ્ર રોય

ગાંધીનગર જિલ્લાના વાસન ગામ સ્થિત બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અને કેરિયરની પસંદગી કેવી રીતે કરવી તેના આધારીત લેક્ચર સીરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય વિરોધ પક્ષના નેતા અને બાપુ ગુજરાત નોલેજ વિલેજના મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાએ પણ વિદ્યાર્થીઓને પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું. દેશ અને પરિવાર પ્રત્યે કંઈક કરી છૂટવા માટે હર હંમેશ ગુજરાતનું ભવિષ્ય એટલે કે વિદ્યાર્થીઓએ જાગૃત રહેવુ જોઈએ તેમજ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે એલ એન્ડ ટી કંપનીના સીનીયર એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસીડેન્ટ શૈલેન્દ્રરોય હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રસ પડે તેવા ફિલ્મી ઉદાહરણ લઈ માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે ૩ ઈડીયટ ફિલ્મનું ઉદાહરણ આપી યુવાનોને પોતાના રસના વિષયમાં પોતાની કેરિયર બનાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે દેશના વિકાસ અને સમૃદ્ધિ માટે યુવાનોને સમર્પિત થવા જાહેર અપીલ કરી હતી.

શંકરસિંહ વાઘેલાએ પોતાની લોકભોગ્ય આગવી શૈલીમાં બોલતાં જણાવ્યું હતું કે માણસને સમય સાથે ઘનિષ્ઠ સબંધ છે. જીવનમાં સમય બહુ જ કિંમતી છે. તેમણે કહ્યું હતું કે યુવાનીમાં સમયની કિંમત પારખીને તેનો સદુપયોગ પોતાની કેરિયર બનાવવા કરવો જોઈએ. જેથી પોતાનું જીવન સફળ બને અને વહી ગયેલા સમય માટે પસ્તાવુ પડે નહિ. બાપુએ વધુમાં પોતાના કોલેજ કાળને યાદ કરીને સંયમ અને શિસ્તની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. તેમણે યુવાનોને પોતાની કેરિયર બનાવવા સાથે સમાજ અને દેશને ઉપયોગી જીવન જીવવા અનુરોધ કર્યો હતો. બાપુની પીઢ અને અનુભવમાંથી નીતરતી વાણીને વિદ્યાર્થી સમૂહ ઉપસ્થિત વાલીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

આ નોલેજ વિલેજ સેન્ટરમાં મહેન્દ્રભાઈ વાઘેલા, ભરતસિંહ વાઘેલા તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. એમ.એમ. પટેલ, ડૉ.વી.એમ. પટેલ સાથે કોલેજના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૮

તાપમાન

મહત્તમ : ૨૯.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા
વરસાદ ૩ મી.મી.

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫
ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫
મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦
ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

ચિરાગ, કલોલ
મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ
- જિલ્લા કન્વીનર બાસ સેફ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૧૨.૦૦ કલાકે.

ટાઉન હોલ
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે 'દીકરો મારો લાજવાબ' નામક નાટક.

ધાર્મિક
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મહેશભાઈ વ્યાસના નિવાસ સ્થાન ૧૫/૨ છ- ટાઈપ પંચવટી પાર્કની સામે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે જયંતિભાઈ જાનીના નિવાસ સ્થાન ૨૫, વિરાટનગર ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ડૉ. દર્શન ત્રિવેદીના નિવાસ સ્થાન બી/૫૦૧, ઉત્સવ રેસીડન્સી, વિધિ બંગલોઝની પાછળ, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.

આપની આજ

મેષ : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે.ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે.ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક- જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ- પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. ભીખાજી મનુજી ડોડીયા (ઉ.વ.૪૮) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રાજવીરસિંહ કરણસિંહ રાઓલ (ઉ.વ.૨૬) બ્લોક નં. ૯૬૪/૧, સેકટર-૧૩/બી, ગાંધીનગર.
- સ્વ. જેઠાલાલ જમનાદાસ સોલંકી (ઉ.વ.૬૭) પ્લોટ નં. ૩૩૮/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. શકરીબેન બેચરજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ.પો. પોર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન ધુળાજી ઠાકોર (ઉ.વ.૫૮) મુ.પો. ધોળાકુવા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. હસુબેન વિષ્ણુભાઈ પટેલ (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૬૯૦/૨, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. લશીબેન છનાજી ઠાકોર (ઉ.વ.૯૦) મુ.પો. તારાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. હરીશભાઈ ભૂદરભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.